જાહેર સાહસો/ખાનગી ઔદ્યોગિક એકમો સંચાલિત બિનસરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને અપાતી ગ્રાન્ટ બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૯૬/૪૪૨/ક,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧-૬-૧૯૯૬

ઠ રા વ :-

રાજ્ય સરકારની સહાયક અનુદાનની નીતિ અનુસાર બિનસરકારી માધ્યમિક શાળાઓને સહાયક અનુદાન ચૂકવવામાં આવે છે. બિનસરકારી માધ્યમિક શાળાઓને અપાતી આવી સહાયક અનુદાન પેટેની રકમનો ઘણો મોટો બોજો રાજ્ય સરકારની તિજોરી ઉપર પડે છે. આથી આવી સહાયક અનુદાન પેટે અપાતી રકમનો બોજો ઘટાડવા રાજ્ય સરકારે વિચારણા કરેલ છે. આ સંદર્ભમાં એવું જણાઈ આવેલ છે કે રાજ્યમાં આવેલ કેન્દ્ર સરકારના અને રાજ્ય સરકારના જાહેર સાહસો અને ખાનગી ઔદ્યોગિક એકમો દ્વારા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું પ્રત્યક્ષ કે પરોક્ષ સંચાલન કરવામાં આવે છે. આવી શાળાઓને પણ રાજ્ય સરકારની સહાયક અનુદાનની નીતિ અનુસાર ગ્રાન્ટ ચૂકવવામાં આવે છે. આવી શાળાઓના મોટા ભાગના લાભાર્થીઓ આવા એકમોના કર્મચારીઓના બાળકો જ હોય છે. સરકારનું એવું વલણ છે કે આવા સાહસો/ઔદ્યોગિક એકમો આવી શાળાઓ તેમની કર્મચારી કલ્યાણની પ્રવૃત્તિના ભાગરૂપે તેમજ સામાજીક જવાબદારીના ભાગરૂપે તેમના ભંડોળમાંથી ચલાવે તે જરૂરી છે. કર્મચારી કલ્યાણ પ્રવૃત્તિના ભાગરૂપે જાહેર સાહસો/ઔદ્યોગિક એકમોની બજાવવાની ફરજનો બોજો સરકાર પર પડે તે ઉચિત નથી. આવા સાહસો/ઔદ્યોગિક એકમો આવી શાળાઓનો ખર્ચ તેમના સ્વભંડોળમાંથી ઉઠાવે તો તેટલે અંશે રાજ્ય સરકાર પરનો નાણાંકીય બોજ ઘટે અને પ્રાથમિક શિક્ષણ જેવા વધુ અગત્યના ક્ષેત્ર માટે વધુ નાણાં ફાળવી શકાય.

૨/- આથી કાળજીપૂર્વકની વિચારણાના અંતે રાજ્ય સરકારે રાજ્યમાં આવેલ જાહેર સાહસો/ઔદ્યોગિક એકમો દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને અપાતી સહાયક અનુદાન પેટેની રકમ ૧૯૯૬-૯૭ ના શૈક્ષણિક વર્ષમાં ૧-૭-૯૬ થી બંધ કરવાનું ઠરાવેલ છે.

જાહેર સાહસો/ઔદ્યોગિક એકમો દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંચાલિત આવી શાળાનું વર્ગીકરણ સ્પષ્ટતા માટે નીચે મુજબ કરવામાં આવે છે.

(૧) એવી શાળાઓ કે જેનું સમગ્ર સંચાલન જે તે એકમ દ્વારા કરાતું હોય.

(૨) એવી શાળાઓ જે ટ્રસ્ટ કે સોસાયટી તરીકે નોંધાયેલ હોય અને તેનાં સંચાલકોમાં એકમના પ્રતિનિધિ હોય.

(૩) એવી શાળાઓ જેના લાભાર્થી મહદઅંશે જે તે સાહસ/એકમના કર્મચારીઓના બાળકો હોય.

(૪) એવી શાળાઓ જે એકમના સંકુલમાં હોય.

ઉપરના કોઈપણ એક પ્રકારના વર્ગીકરણમાં આવતી શાળાનું સંચાલન પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે તે એકમ દ્વારા કરાતું હોવાનું ગણવામાં આવશે. અને આવી શાળાઓને અપાતું સહાયક અનુદાન બંધ થશે. જો કે આ વર્ગીકરણ ઉદાહરણ પેટે જ કરવામાં આવેલ છે. અને આ વર્ગીકરણના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં આવતી આવી બધી શાળાઓ અંગે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી સહાય બંધ કરવા નિર્ણય કરી શકશે.

૩/- સરકારના નિર્ણયના સંદર્ભમાં ગ્રાન્ટ ઇન એઇડ કોડમાં જરૂરી સુધારો કરવા માટેની કાર્યવાહી ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને તાત્કાલિક હાથ ધરવા અને જરૂરી દરખાસ્ત સરકારમાં મોકલવા સૂચના આપવામાં આવે છે.

૪/- આ હુકમો આ વિભાગની સરખા ફાઇલ ક્રમાંક: બમશ/૧૧૯૫/૪૪૨/ગ પર નાણાં વિભાગની તા.૧-૧-૯૬ ના રોજ મળેલ સંમતિ અનુસાર બહાર પાડવામાં આવે છે.

(એસ.વી.પટેલ)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
મા.રાજ્યકક્ષા મંત્રીશ્રી (શિક્ષણ)ના " "
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
સંયુકત શિક્ષણ નિયામકશ્રી, (૧૦+૨ ખાસ ઘટક) ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
સર્વે જીલ્લા શિક્ષણ અધિકારીશ્રીઓ.
એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી ...